# મહંતસ્વામી મન ભાવિયા

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજનાં ભજનોનું આલ્બમ

### ટ્રેક ૧ મંગલાચરણ

વન્દે શ્રીપુરુષોત્તમં ચ પરમં ધામાક્ષરં જ્ઞાનદં
વન્દે પ્રાગજીભક્તમેવમનઘં બ્રહ્મસ્વરૂપં મુદા,
વન્દે યજ્ઞપુરુષદાસચરણં શ્રીયોગિરાજં તથા
વન્દે શ્રીપ્રમુખં મહન્તગુણિનં મોક્ષાય ભક્ત્યા સદા.

કવિઃ સાધુ વિવેકસાગરદાસ

ગાયકઃ સાધુ મધુરવદનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૨ લાખ લાખ વંદન સ્વામી મહંતને

લાખ લાખ વંદન સ્વામી મહંતને,

હરખે વધાવીએ સ્વામી મહંતને,

જન્મોના વામ્યા સંતાપને, જોયા છે નેણ ભરી નાથને. લાખ લાખ વંદન. ધ્રુવ

વેણ વદે અલ્પ કરે નેણથી જ વાતો,

નજરુંથી બાંધે છે પ્રેમ તણો નાતો;

મલકંતા મુખડાની માયા લગાડી ને ભૂલ્યો હું જૂઠા સંગાથને. જોયા છે નેણ. ૧

પામ્યો જ્યાં સ્વામીનો મીઠો સથવારો,

સહેજે સહેજે કીધો દુનિયાથી ન્યારો;

માયાનો ગોકીરો ઠારી દીધો ને મારા હૈયામાં ધરબી નિરાંતને. જોયા છે નેણ. ૨

સ્વામીની મરજીમાં આયખું ઓગાળવું,

એમના જ આકારે જીવતરને ઢાળવું;

લોકો પડતા જેના પાવમાં એ જગદીશે ઝાલી લીધો મારા હાથને. જોયા છે. ૩

કવિ: સાધુ કેશવકીર્તનદાસ

ગાયકઃ સાધુ કેશવકીર્તનદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૩ મરમાળા મહંતસ્વામીમાં

મરમાળા મહંતસ્વામીમાં, ચિત્તડાં અમારાં ખોવાયાં,
એની નેહ નીતરતી મૂર્તિમાં, ચિત્તડાં અમારાં ખોવાયાં. મરમાળા. ધ્રુવ

ધીમાં ધીમાં બોલે સ્વામી મીઠાં મીઠાં વેણલાં,
અમૃતની વાદળીથી વરસે છે મેહુલા;
    એની કરુણાભીની આંખ્યુંમાં, મનડાં અમારાં મોહાયાં. મરમાળા. ૧

પગલે પગલે સ્વામીજી અંતરનાં દુ:ખડાં કાપે,
લટકે લટકે સ્વામીજી સુખના સાગર છલકાવે;
    એની ભગવી મૂરતના કામણમાં, જૂઠાં જગ વિસરાયાં. મરમાળા. ૨

જગના એ નાથ મુજને, સંતરૂપે મળિયા,
ધન્ય ધન્ય ભાગ્ય મારાં, આજે સુફળિયાં;
    એવા પ્રગટ પ્રભુ મહંતસ્વામીને, મનમંદિરમાં પધરાવ્યા. મરમાળા. ૩

કવિ: સાધુ કેશવકીર્તનદાસ

ગાયકઃ સાધુ સારંગકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૪ મહંતસ્વામી તમે અમ પ્રાણ

મહંતસ્વામી તમે અમ પ્રાણ, જીવો વરસ હજાર,
તમે લાખોના તારણહાર, જીવો વરસ હજાર. મહંતસ્વામી. ધ્રુવ

અમ ભવભવના સાચા સંગાથી તમે,
કરવું એ જ અમારે જે તમને ગમે;
    રે'જો રાજી ને સ્વસ્થ અપાર, જીવો વરસ હજાર. મહંતસ્વામી. ૧

તવ આજ્ઞા ને મરજીમાં તન-મન દમશું,
તપ સેવા ને ભક્તિ ઉમંગે કરશું;
    વરસો બ્રહ્મસુખ અનરાધાર, જીવો વરસ હજાર. મહંતસ્વામી. ૨

સંપ મહિમા ને દાસત્વ ઉરમાં ભરશું,
સ્વભાવ દોષો કુસંગને દૂર જ તજશું;
કરો સૌને પ્રેમે ભવપાર, જીવો વરસ હજાર. મહંતસ્વામી. ૩

કવિ: સાધુ બ્રહ્મવત્સલદાસ
ગાયકઃ સાધુ મધુરકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૫ દિવ્યં દિવ્યં દિવ્યં મહંતજીનું સઘળું દિવ્યમ્

દિવ્યં દિવ્યં દિવ્યં મહંતજીનું સઘળું દિવ્યમ્,
શ્રીહરિ જેમાં અખંડ રાજે આજે રૂપ મનુષ્યમ્. ધ્રુવ

જનકલ્યાણે અવનિમાં જેનું પ્રાકટ્યં દિવ્યમ્,
કૃપા કરી અમ મંદિરિયે જેનું પધારવું દિવ્યમ્. ૧

બ્રાહ્મમૂહુર્તે ઊઠવું દિવ્યં ધ્યાન ધરે તે દિવ્યમ્,
સ્નાનાદિક છે દિવ્યં દિવ્યં વસ્ત્રપરિધાન દિવ્યમ્. ૨

મંદિરમાં આરતી કરે ને દર્શન કરવાં દિવ્યમ્,
સંતો-ભક્તોને નયનોથી મળતા જાણી દિવ્યમ્. ૩

વિશાલ ભાલે દિવ્ય તિલક ને મધ્યે ચંદ્રક દિવ્યમ્,
ક્વચિત્ લલાટે અર્ચા શોભે જે દિવ્યાતિદિવ્યમ્. ૪

એક ચિત્તથી હરિને ધારી માળા કરવી દિવ્યમ્,
પ્રદક્ષિણા ને થાળ પ્રાર્થના સર્વં દિવ્યં દિવ્યમ્. ૫

દિવ્ય પૂજામાં સંતોભક્તો કીર્તન ગાયે દિવ્યમ્,
ભૂલકાઓ મુખપાઠ ભણે તે સાંભળવું પણ દિવ્યમ્. ૬

કર જોડી દૃષ્ટિથી સૌને વંદન કરવાં દિવ્યમ્,
જેમાં રહીને પુરુષોત્તમ બોલે પ્રીતે તે દિવ્યમ્. ૭

યોગીજીને સ્મરતાં કરતા અલ્પાહાર સુદિવ્યમ્,
સંતોને હેતે બોલાવી પ્રસાદ આપે દિવ્યમ્. ૮

મુલાકાતમાં ભક્તોને નયનોથી મળવું દિવ્યમ્,
મસ્તક હસ્ત મૂકીને આશીર્વર્ષા કરતા દિવ્યમ્. ૯

ભોજનમાં પણ ભજન કરે તે દર્શન દિવ્યં દિવ્યમ્,
સૌને નેહે નિહાળી કરે સાયંભ્રમણં દિવ્યમ્. ૧૦

પત્રો વાંચી લખી ભક્તને સુખિયા કરવા દિવ્યમ્,
આધિ વ્યાધિ ઉપાધિ હરે ફોન કરીને દિવ્યમ્. ૧૧

બાળસભામાં બાળસખાને લાડ લડાવે દિવ્યમ્,
યુવાસભામાં યુવાહૃદયને પાઠ ભણાવે દિવ્યમ્. ૧૨

'સંતો દિવ્યં ભક્તો દિવ્યં' એ વચનો પણ દિવ્યમ્,
સંપીલા પરિવારની રચે સાંકળ દિવ્યં દિવ્યમ્. ૧૩

ઉપાસના આજ્ઞા દૃઢાવતાં વચનો દિવ્યં દિવ્યમ્,
વિવિધ હાર ને શાલમાં ભરી ભક્તિ ગ્રહેતા દિવ્યમ્. ૧૪

ભોજન અલ્પ લઈને નિત્યે શતપદી કરે દિવ્યમ્,
નયનો મીંચી હરિને ધારી ચેષ્ટા બોલે દિવ્યમ્. ૧૫

શયન કરે તે દિવ્યં દિવ્યં સ્વપ્નાં જોવાં દિવ્યમ્,
યોગીજી ને પ્રમુખસ્વામીની વાતો કરતા દિવ્યમ્. ૧૬

દિવ્ય કાવ્ય આ ગાય સુણે જે તે પણ બનશે દિવ્યમ્.
બ્રહ્મમનનથી બ્રહ્મરૂપ થઈ હરિપદ પામે દિવ્યમ્. ૧૭

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકઃ સાધુ મધુરવદનદાસ, સાધુ નારાયણકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૬ મુજ સંગાથે હરેક પલ હર સ્થલ છે મહંતસ્વામી

મુજ સંગાથે હરેક પલ હર સ્થલ છે મહંતસ્વામી,
બાહર જોઉં કે ભીતર, સંગે છે મહંતસ્વામી. ધ્રુવ

વાર વાર હું ભૂલું એમને એ કદીય ના ભૂલે,
સ્મરું ત્યાં જ એ પ્રગટ થતા નિર્માની મહંતસ્વામી. મુજ સંગાથે. ૧

લપસણી ધરા હોય તો તરત ચેતવતા હૈયેથી,
જો લપસું તો તર્ત બાવડું ઝાલે મહંતસ્વામી. ૨ મુજ સંગાથે. ૨

પોતે તો બહુ ઓછું બોલે, બીજામાં રહી બોલે,
પરમાં પોતે બોલે છે એ શીખવે મહંતસ્વામી. ૩ મુજ સંગાથે. ૩

હું તો બે ત્રણ વાર જ નમું દિવસમાં એનાં ચરણે,
સૌમાં રહી સો વાર મને નિત નમતા મહંતસ્વામી. મુજ સંગાથે. ૪

કવિઃ સાધુ મધુરવદનદાસ
ગાયકઃ સાધુ ગુરુકીર્તનદાસ

## ટ્રેક ૭ સોનાના મહેલ અમે માગ્યા

સોનાના મહેલ અમે માગ્યા મહંતજીએ સોનાનાં હૈયાં દઈ દીધાં,
માયિક જીવ અમે માયા જ માગતા, દિવ્યતાનાં દાન દઈ દીધાં. મહંતજીએ. ધ્રુવ

નેણથી બોલાતા એ ભાવભીના શબ્દો મુજ હ્રદિયાના પ્રાણે ધબકતા,
વાણીમાં રેલાતાં તેજ ભર્યાં કિરણો મુજ જીવન મહેકાવી દેતા. મહંતજીએ. ૧

માંગ્યો'તો યશ અને માંગ્યુ'તું માન દાસભાવનું તો દીધું સુકાન,
દોષ અવગુણની ગાંઠો છોડાવી હેતે ગવડાવ્યાં ગુણલાનાં ગાન. મહંતજીએ. ૨

ચડવું'તું એકલા જ ઊંચેરી ટોચે મારે આપ્યો મુક્તોનો સંપીલો સાથ,
મળ્યું ન મળ્યું ભલે દુનિયાનું ધન મને આપ મળ્યા મોટું રતન. મહંતજીએ. ૩

માંગ્યું'તું કૈંક તમે આપી દીધું કૈંક આપવાની છે રીતો અનેરી,
કરુણા કૃપા હું યાચું મહંતજી સમજું તવ કૃપા ઘણેરી. મહંતજીએ. ૪

કવિઃ સાધુ જ્ઞાનેશ્વરદાસ

ગાયકોઃ સાધુ મધુરવદનદાસ, સાધુ મધુરકીર્તનદાસ, સાધુ ગુરુકીર્તનદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૮ સંત મહંતસ્વામી મહારાજ

સંત મહંતસ્વામી મહારાજ, સૌને વહાલા લાગે છે,
સૌને વહાલા લાગે છે, પ્રાણપ્યારા લાગે છે. સંત મહંતસ્વામી. ધ્રુવ

સાધુતાનું શિખર શોભે, દર્શન કાજે દિલડું લોભે;
સર્વે સંતોમાં શિરતાજ, સૌને વહાલા લાગે છે. સંત મહંતસ્વામી. ૧

વાણીમાં અમૃત ઝરે, સાંભળતાં અંતર ઠરે;
વા'લો વિચરે પરહિત કાજ, સૌને વહાલા લાગે છે. સંત મહંતસ્વામી. ૨

કરુણાભીની કરે દૃષ્ટિ, કર જોડી કરે હેતવૃષ્ટિ;
ગૌરવ ગાયે સંતસમાજ, સૌને વહાલા લાગે છે. સંત મહંતસ્વામી. ૩

ગુરુ-ઋણી સદા વનમાળી, શરણે લીધા દોષ નિવારી;
આપે અક્ષર કેરું રાજ, સૌને વહાલા લાગે છે. સંત મહંતસ્વામી. ૪

કવિ: વનમાળીદાસ

ગાયકોઃ સાધુ યોગીપ્રેમદાસ, સાધુ ભજનપ્રિયદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૯ મેં તો આજે મહંતસ્વામી નિરખ્યા છે

મેં તો આજે મહંતસ્વામી નિરખ્યા છે,
એમાં સહજાનંદ હરિ પરખ્યા છે. મેં તો આજે. ધ્રુવ

મારા મનડાનો મોરલો નાચે નાચે,
એની સંગતમાં આતમ રાચે રાચે;
    આજ સુખ સુખના સાગર છલક્યા છે. એમાં સહજાનંદ. ૧
    મેં તો આજે મહંતસ્વામી નિરખ્યા છે.

એનું મુખડું રે સૌમ્ય અતિ મરમાળું,
સ્મિત છલકે છે પરમાનંદ ઓઘવાળું;
    એના અંગ અંગ હરિરંગ ચમક્યા છે. એમાં સહજાનંદ. ૨

એની આંખોમાં શ્રીજીની દૃષ્ટિ ભાળું,
એની વાણીમાં શ્રીજી બોલે રૂપાળું;
    એની પાંપણ પલકારે નેણ છલક્યાં છે. એમાં સહજાનંદ. ૩

મારે રોમ રોમ આનંદની છોળો ઊડે,
મારું અંતર આઠો જામ એમાં બૂડે;
    એવા અક્ષરના પ્રેમરસ પરખ્યા છે. એમાં સહજાનંદ. ૪

છંદ: સદા સરળ ને સદા નરમ જે સદા સર્વને નમન કરે,
    સદાય ગુરુને આગળ કરતા સદાય હરિને શરણ રહે;

સદા ગુણોનું ગ્રહણ કરે ને દિવ્યભાવમાં મસ્ત રહે,

(એવા) મહંતસ્વામી ચરણે ભક્તો તન, મન, ધન સર્વસ્વ ધરે.

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ

ગાયકઃ સાધુ શોભિતસ્વરૂપદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૧૦ તમારી પાંખમાં સ્વામી

તમારી પાંખમાં સ્વામી અમે તો મસ્ત થૈ બેઠા,
અમારે આપને પામી દુ:ખો સૌ અસ્ત થૈ બેઠાં. તમારી. ધ્રુવ

નયનથી આપને મળતાં પ્રભુનો સ્પર્શ માણ્યો છે,
સ્મરણમાં આપના પલ પલ અમે તો વ્યસ્ત થૈ બેઠા. તમારી. ૧

તમારા પ્રેમને જાણી અમે પ્રેમી થયા સાચા,
પ્રણયના પાશમાં બંધન અમારાં ધ્વસ્ત થૈ બેઠાં. તમારી. ૨

અમારે ચાંદલો અક્ષર તણો સૌભાગ્ય શું કહીએ?!
તમારા હસ્તમાં સ્વામી અમારો હસ્ત દૈ બેઠા. તમારી. ૩

તમારા સ્નેહમાં સગપણ અમારું શ્રીહરિ સંગે,
ભલે સંસારમાં તોયે અમે સંન્યસ્ત લૈ બેઠા. તમારી. ૪

કવિ: સાધુ વિવેકશીલદાસ
ગાયકોઃ સાધુ ગુરુદર્શનદાસ, સાધુ પ્રણવમુનિદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૧૧ મુને મહંતસ્વામી મન ભાવિયા

મુને મહંતસ્વામી મન ભાવિયા,
પ્રમુખસ્વામીએ પ્રીતે પરખાવિયા જી રે.  ટેક

શાસ્ત્રી મહારાજે આશિષ આપિયા,
મોટી સેવાના ભાવિ ભાખિયા જી રે. મુને. ૧

યોગીબાપાના લાડીલા કા'વિયા,
પોતે ભાવેથી ભગવાં પહેરાવિયાં જી રે. મુને. ૨

ત્યાગ તપથી નિજ તન મનને દમ્યાં,
યોગીજીને અંતરથી રીઝવિયા જી રે. મુને. ૩

પ્રમુખસ્વામીના સેવક થઈ રહ્યા,
પત્ર વિચરણના ભારને ઉપાડિયા જી રે. મુને. ૪

અભાવ-અવગુણનાં મૂળિયાં ઉખાડિયાં,
દિવ્યભાવ ને મહિમા રેલાવિયા જી રે. મુને. ૫

શ્રીજીવાણીના મર્મ સમજાવિયા,
સંપ-સુહૃદભાવ-એકતા દૃઢાવિયા જી રે. મુને. ૬

કવિઃ સાધુ યોગીકીર્તનદાસ

ગાયકોઃ સાધુ સૌમ્યકીર્તનદાસ, સાધુ નારાયણકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૧૨ મહંતસ્વામીનાં દર્શન કરતાં

મહંતસ્વામીનાં દર્શન કરતાં હૈયાં સૌ હરખાતાં,
અક્ષર ગુરુના રોમરોમમાં પુરુષોત્તમ પરખાતા. મહંતસ્વામીના. ધ્રુવ

હાથ જોડતા, નયન દોડતાં, શોધી શોધી સૌને નીરખતા;
દિવ્ય દૃષ્ટિથી સૌને મળતા દયાનિધિ સુખદાતા. મહંતસ્વામીનાં. ૧

વદન વિકસતું, નયનો હસતાં, અધર ઊઘડતા, જ્ઞાન રેલતા;
નેહ નીતરતી વાણી વહેતી અંતરપટ ધોવાતાં. મહંતસ્વામીનાં. ૨

હળવે હળવે ડગલાં માંડે, સ્થિર ધીર ને ધીમી ચાલે;
ગુણાતીતનાં પગલે પગલે માયાદળ પછડાતાં. મહંતસ્વામીનાં. ૩

ચિત્ર દોરતાં, લખતાં, જમતાં, ભક્ત-સભામાં સ્મૃતિ દેતા;
પ્રગટ હરિને યાદ કરે એ ભવસાગર તરી જાતા. મહંતસ્વામીનાં. ૪

કવિ: સાધુ વિવેકશીલદાસ
ગાયકઃ સાધુ ગુરુદર્શનદાસ અને ગાયકવૃંદ